22 ६१

રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ (NSAP) હેઠળની યોજનાઓના અમલ તથા તેના માર્ગદર્શક સિદ્ધાંતોમાં જણાવેલ હેતુઓ માટે રાજ્ય કક્ષાની સમિતિની કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૧૮/૨૪૨૪૭૫/છ-૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૬/૦૮/૨૦૧૮

વંચાણમાં લીધાઃ
(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૨૩/૦૪/૨૦૧૮ નો પત્રક્રમાંક : નવપ/NSAP/૧૮-૧૯/૧૬૯૭
(૨) ગ્રામીણ વિકાસ મંત્રાલય, ભારત સરકારની ઓક્ટોબર, ૨૦૧૪ની રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ (NSAP)ની માર્ગદર્શિકા.

ઠરાવ:

ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ (NSAP) વર્ષ ૧૯૯૫ થી અમલમાં છે. આ કાર્યક્રમ હેઠળ ઇન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના (IGNOAPS), ઇન્દીરા ગાંધી રાષ્ટ્રીય વિધવા પેન્શન યોજના (IGNWPS), ઇન્દીરા ગાંધી રાષ્ટ્રીય વિકલાંગ પેન્શન યોજના (IGNDPS), રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના (NFBS) તથા અન્નપૂર્ણા યોજનાનો સમાવેશ થાય છે. જે પૈકી ઇન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના અને ઇન્દીરા ગાંધી રાષ્ટ્રીય વિકલાંગ પેન્શન યોજનાનો અમલ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા કરવામાં આવે છે.

ભારત સરકાર દ્વારા NSAP હેઠળની યોજનાઓનાં ધોરણોમાં ફેરફાર કરી નવી ગાઇડલાઇન -૨૦૧૪ બહાર પાડવામાં આવેલ છે. ગાઇડ લાઇનનાં પ્રકરણ-૬નાં પેરા ૬(૧)(૨)માં જણાવ્યા મુજબની NSAPનાં અમલીકરણ માટે રાજ્યકક્ષાની સલાહકાર સમિતિની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ (NSAP)ના અમલ, સમીક્ષા અને મૂલ્યાંકન માટે રાજ્યકક્ષાની સલાહકાર સમિતિની આથી નીચે મુજબ રચના કરવામાં આવે છે.

| ક્રમ | હોદ્દો | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્રસચિવશ્રી/ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ ,ગાંધીનગર. | અધ્યક્ષશ્રી |
| ૨ | અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્રસચિવશ્રી/ સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, ગાંધીનગર. | સભ્યશ્રી |
| 3 | અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્રસચિવશ્રી/ સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર. | સભ્યશ્રી |

| | | |
|---|---|---|
| ૪ | અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્રસચિવશ્રી/ સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ,ગાંધીનગર. | સભ્યશ્રી |
| ૫ | અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્રસચિવશ્રી/ સચિવશ્રી, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ, ગાંધીનગર. | સભ્યશ્રી |
| ૬ | અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્રસચિવશ્રી/ સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર. | સભ્યશ્રી |
| ૭ | અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્રસચિવશ્રી/ સચિવશ્રી, નાણાં વિભાગ, ગાંધીનગર. | સભ્યશ્રી |
| ૮ | અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્રસચિવશ્રી/ સચિવશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગાંધીનગર. | સભ્યશ્રી |
| ૯ | અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્રસચિવશ્રી/ સચિવશ્રી, મહેસૂલ વિભાગ, ગાંધીનગર. | સભ્યશ્રી |
| ૧૦ | બેંક /પોસ્ટ ઓફિસનાં બે પ્રતિનિધિ | સભ્યશ્રી |
| ૧૧ | બે જિલ્લા પંચાયતના સભ્યો અને બે મ્યુનિસિપાલિટીના પ્રમુખ એમ કુલ ૪ સભ્યો | સભ્યશ્રી |
| ૧૨ | ત્રણ જિલ્લાનાં કલેક્ટરશ્રીઓ (રોટેશન મુજબ) | સભ્યશ્રી |
| ૧૩ | તજજ્ઞો અને સ્વૈ. સંસ્થાઓના ૪ પ્રતિનિધિઓ | સભ્યશ્રી |
| ૧૪ | નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર. | સભ્ય સચિવશ્રી |

આ સમિતિ NSAP નાં અમલીકરણ , મોનીટરીંગ અને મુલ્યાંકન માટે જવાબદાર રહેશે. આ સમિતિ વર્ષમાં ઓછામાં ઓછી બે વખત મળશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે..

(આર.કે.પાંડર)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી ,સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંબધિત વિભાગોના અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્રસચિવશ્રી/ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.